# કાર્યકારી સારાંશ

ઈઆઈએ અહેવાલનો સાર આ પ્રકરણમાં તેના તારણો સાથે રજૂ કરવામાં આવ્યો છે.

## 1. પ્રસ્તાવના

કંડલા અને મુંદ્રા બંદરથી ઉત્તર ભારતના રસ્તે વ્યૂહાત્મક સ્થળે આવેલ પ્રસ્તાવિત હાલોલ-સાવલી એસઆઈઆર વિકાસ એક એવો ઔદ્યોગિક વિસ્તાર છે જે ચાલી રહેલ ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર (ડીએફસી), ને દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર (ડીએમઆઈસી), કંડલા બંદર ખાતે ફ્રી ટ્રેડ ઝોન અને આ વિકાસ સાથે જોડાયેલ તમામ સંબંધિત મહત્વપૂર્ણ માળખા જેમ કે રોડ, વીજળી, પરિવહન માળખું, પાણી વગેરે સાથે સંબંધિત વિકાસનો મહત્તમ ફાયદો ઉઠાવવાની ક્ષમતા પ્રદર્શિત કરે છે. હાલોલ સાવલી રોડને સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન તરીકે વિકસાવવાનો પ્રસ્તાવ ગુજરાત સરકારના રાજ્યને વિશ્વસ્તરીય સુવિધાઓ અને માળખાથી સજ્જ વૈશ્વિક ઔધૌગિક અને વેપાર કેન્દ્ર તરીકે વિકસાવવાના સ્વપ્નને ટેકો આપે છે.

આથી ઉપરોક્ત સ્વપ્ન, નીતિ અને રાજ્ય સરકારની રણનીતિના સંબંધમાં, ***ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જીઆઈડીસી)*** દ્વારા હાલોલ સાવલી ઔદ્યોગિક વિસ્તારને વિશ્વસ્તરીય માળખા સાથેના સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજયનમાં વિકસાવવાનું બીડું ઝડપવામાં આવ્યું છે.

## 2. પ્રોજેક્ટનું વર્ણન

ગુજરાત સરકાર ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન થકી હાલોલ સાવલી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજયન તરીકે વિકસાવવાનો પ્રસ્તાવ રાખે છે જેમાં ગુજરાતના હાલોલ અને કલોલ તાલુકામાં અને પંચમહાલ અને વડોદરા રાજ્યના સાવલી તાલુકાના 12297.7 હેક્ટર વિસ્તારને આવરી લેવામાં આવશે અને જેનો ઉદ્દેશ્ય મુખ્યત્વે આધુનિક માળખાકીય સુવિધા સાથેના ઓટોમોબાઈલ અને એન્જીનીયરીંગ ઉદ્યોગોને વિકસાવવાનો છે.

તમામ સ્તરેથી વિશ્વસ્તરીય સુવિધાઓથી સજ્જ સંપૂર્ણ વિકસિત એસઆઈઆર વૈશ્વિક કોર્પોરેટ કંપનીઓને આકર્ષિત કરશે અને ચોક્કસપણે આર્થિક પ્રગતિ, સામાજીક સંકલન અને રાજ્યની અને સમગ્ર દેશની પર્યાવરણીય સસ્ટેઈનેબિલીટી તરફ દોરી જશે.

પ્રસ્તાવિત એસઆઈઆરમાં હાલમાં બે ઓધૌગિક વસાહતો મુખ્યત્વે જીઆઈડીસીના હાલોલ અને સાવલીનો સમાવેશ થાય છે જે એસઆઈઆરમાં બે હિસ્સામાં આવેલા છે. હાલોલ અને સાવલી ઓધૌગિક વસાહતોને અનુક્રમે 1982 અને 1992માં સ્થાપિત કરવામાં આવ્યા હતા. વર્તમાન ઉદ્યોગોમાં મુખ્યત્વે ઓટો અને લાઈટ એન્જીનીયરીંગનો સમાવેશ થાય છે. જનરલ મોટર્સ હાલોલના નિર્ધારીત વિસ્તારમાં મોટું ઔદ્યોગિક જૂથ છે. એસઆઈઆરના પ્રસ્તાવિત

વિકાસમાં એન્જીનીયરીંગ ઝોન, લાઈટ એન્જીનીયરીંગ ઝોન, સર્વિસ અને એન્સીલીયરી ઉદ્યોગ ઝોન, એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ ઝોન, ઔદ્યોગિક પ્રવૃત્તિની શ્રેણીમાં નોન-પોલ્યુટિંગ ઈન્ડસ્ટ્રીયલ ઝોન, રહેણાંક ઝોન, ગામતળ બફર ઝોન (ગ્રામ્ય વિસ્તાર) સેન્ટ્રલ બીઝનેસ ડિસ્ટ્રીક્ટ (સીબીડી) ઝોન, કોમર્શિયલ ઝોન, ઈન્સ્ટિટ્યુશનલ ઝોન, રીક્રીયેશનલ ઝોન, ઈકો ઝોન, એગ્રીકલ્ચરલ ઝોન, ઈકો પાર્ક, લોજીસ્ટીક પાર્ક નોન ઈન્ડસ્ટ્રીયલ પ્રવૃત્તિની શ્રેણીમાં સુવિધાઓ અને સેવા ઝોન સહિત લોજીસ્ટીક પાર્કનો સમાવેશ થાય છે.

આ વર્તમાન વસાહતો હાલોલ ઓધૌગિક વસાહતો માટે નર્મદા મુખ્ય નહેરમાંથી પાણી પુરવઠાની સુવિધા તા.૯ જૂન ૨૦૦૭થી ધરાવે છે જેનો મુખ્ય ટેપિંગ પોઈન્ટ ચંદ્રપુરા ગામ નજીક ખાખરીયા છે અને સાવલી ઓધૌગિક વસાહતો મહી નદીમાંથી પાણી મેળવે છે જેનો ટેપિંગ પોઈન્ટ પર્થનપુરા છે. મહી હાઉસ વર્તમાન 5 એમએલડીની માંગ સાથે 18 એમએલડી ક્ષમતા ધરાવે છે.

નિર્ધારીત હાલોલની સાઈટ પરથી 220 કેવી પાવર સ્ટેશન છે ને 220 કેવી પાવર લાઈન ત્યાંથી પસાર થાય છે જ્યારે સાવલી ઔદ્યોગિક વિસ્તાર ખાતે 132 કેવી સબસ્ટેશન અને પાવર લાઈન આવેલી છે. 220 કેવી લાઈન સીવાય પ્રસ્તાવિત હાલોલ સાઈટ પર બે 66 કેવી સબસ્ટેશન છે. અહીં સતત 3-ફેઝ વીજપુરવઠો પ્રાપ્ય છે. નિર્ધારીત સ્થળોની અંદર ચુનંદા ગામોમાં 11 કેવી સબસ્ટેશન કાર્યરત છે.

આ વિસ્તારમાં વીજપુરવઠો પર્યાપ્ત પ્રમાણમાં ઉપલબ્ધ છે. ખેતીના કામો માટે પણ 8 કલાકનો વીજપુરવઠો કોઈપણ અવરોધ વગર પૂરો પાડવામાં આવે છે. તમામ 66 કેવી સબસ્ટેશનોને અવરોધરહિત વીજપુરવઠો જાળવી રાખવા માટે આંતરિક રીતે જોડવાનો પ્રસ્તાવ છે.

પ્રસ્તાવિત એસઆઈઆર માટે અપેક્ષિત વીજપુરવઠા માંગ 1190 મેગાવોટ (150 કીલો વોટ/હેક્ટરના અંદાજે) રહેશે.

પ્રસ્તાવિત હાલોલ સાવલી એસઆઈઆર પાસેથી દરતી ગેસ વિતરણની પાઈપ લાઈન પસાર થાય છે, જે જથ્થાબંધ ગ્રાહકો માટે ખૂબ મોટો ફાયદો છે. ગેસનું જોડાણ જીએસપીસી (ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન) દ્વારા કરવા આવ્યું છે અને તેના દ્વારા જ દેખરેખ રાખવામાં આવે છે. ઉદ્યોગોને ગેસ પુરવઠાની જોગવાઈ માટે પ્રસ્તાવિત એસઆઈઆરની અંતર્ગત અનેક ટેપિંગ પોઈન્ટ્સ રાખવામાં આવ્યા છે.

પ્રસ્તાવિત એસઆઈઆર એર કનેક્ટિવીટી પણ સારી ધરાવે છે. વડોદરા ખાતેનું ડોમસ્ટિક એરપોર્ટ 35 કિમી અને અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પ્રસ્તાવિત એચએસએસઆઈઆરથી 135 કિમી દૂર છે. વડોદરાથી ગોધરા રૂટની બ્રોડગેજ રેલવે લાઈન સાવલીના નિર્ધારીત વિસ્તાર પાસેથી પસાર થાય છે અને તે હાલોલના નિર્ધારીત વિસ્તારથી

લગભગ 1.5 કિમીથી 2 કિમી દૂર છે. આ વિસ્તારમાં મહત્વના બંદર દહેજ કાર્ગો પોર્ટ છે જે 185 કિમીના અંતરે, ધોલેરા 150 કિમીના અંતરે અને જેએનપીટી (મુંબઈ) 450 કિમીના અંતરે છે. ઉપરોક્ત બંદરો સાથે જોડાણ ફ્રેઈટ કોરીડોર માર્ગે અને અન્ય રોડ નેટવર્ક દ્વારા શક્ય છે. આ ઉપરાંત, તે રોડનું પણ સારુ માળખું ધરાવે છે, દિલ્હીથી મુંબઈનો નેશનલ હાઈવે નં. 8 હાલોલના નિર્ધારીત વિસ્તારથી 35 કિમીના અંતરે છે અને સાવલીના નિર્ધારિત વિસ્તારથી 8 કિમીના અંતરે છે જે એસઆઈઆરને મહત્વપૂર્ણ શહેરો જેવા કે વડોદરા અને અમદાવાદ સાથે જોડે છે. હાલોલ અને સાવલીની જગ્યાઓ ત્રિકોણાકાર જાળી રૂપે રાજ્યના હાઈવે સાથે જોડાયેલી છે. રાજ્ય હાઈવે એસએચ 87 વડોદરા અને હાલોલને, એસએચ 150 હાલોલ અને સાવલીને અને એસએચ 158 સાવલી અને વડોદરાને જોડે છે. જેમાં એસએચ 158 સાવલી જીઆઈડીસી એસ્ટેટ સુધીનો 4-લેન હાઈવે છે.

## 3. પર્યાવરણીય માહિતી

હાલોલનો નિર્ધારીત વિસ્તાર દક્ષિણ ગુજરાતના પંચમહાલ જિલ્લામાં આવે છે. પ્રોજેક્ટની અંદાજિત એલીવેશન એમએસએલથી 99 મીટર ઉપર છે જેમાં એન (નોર્થ) અને એનડબલ્યુ (નોર્થ વેસ્ટ) તરફ ઢાળ સાથે મહત્તમ 115 મીટર અને લઘુતમ 70 મીટર છે. પ્રોજેક્ટ વિસ્તારનો પ્રાકૃતિક ઢોળાવ કરાડ નદી તરફ છે જે એસઆઈઆરની ઉત્તર બાજુએ છે અને જે મહી નદીની શાખા છે.

સાવલીનો નિર્ધારીત વિસ્તાર વડોદરા શહેરથી 15 કિમીના અંતરે છે. પશ્ચિમ તરફ સાવલી વિસ્તારનો ઢોળાવ મહત્તમ એલીવેશન 50 મીટર અને લઘુતમ 40 મીટર એમએસએલ ઉપર છે. મહી નદી સાવલીની પશ્ચિમે છે અને તે ઉત્તરથી દક્ષિણ તરફ વહે છે.

હાલોલ અને સાવલીના નિર્ધારિત વિસ્તારો સીસ્મીક ઝોનિક વર્ગીકરણના ઝોન 3માં આવે છે જે મધ્યમ રૂપે સ્થિર વિભાગ માનવામાં આવે છે. માટી મુખ્યત્વે કથ્થઈ અને કાળા રંગની છે જે સેન્ડી-ક્લે-લોમ મિશ્રણ ધરાવે છે. પીએચ વેલ્યુ, છિદ્રાળુતા, ભેજ, ઘટકો વગેરે મધ્યમથી નિમ્ન ઉત્પાદકતા દર્શાવે છે.

સરેરાશ વાર્ષિક વરસાદ 850-950 મીમી છે. આ વિસ્તારનું તાપમાન ખૂબ બદલાય છે. સરેરાશ મહત્તમ તાપમાન 45° સે. લઘુતમ તાપમાન 12° સે. છે. એવું જોવામાં આવ્યું છે કે મુખ્ય હવાની દિશા પશ્ચિમ, ઉત્તર-પશ્ચિમ અને સાવલીમાં ઉત્તર તરફ છે. હાલોલમાં હવાની દિશા ડિસેમ્બર અને જાન્યુઆરીમાં ઉત્તર-પૂર્વ, ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલમાં ઉત્તર-પશ્ચિમ છે. ઉનાળા, ચોમાસા અને ચોમાસા બાદના મહિનાઓમાં દક્ષિણ-પશ્ચિમ એ મુખ્ય હવાની દિશા છે.

એવું જોવામાં આવ્યુ છે કે અભ્યાસ ગાળા દરમ્યાન પ્રસ્તાવિત સ્થળ પર તાપમાન 21.2° સે. 44.2° સે. રહ્યુ હતુ જ્યારે ભેજનું પ્રમાણ 23% થી 96% વચ્ચે રહ્યું હતુ.

અભ્યાસ ગાળાના કુલ સમયના 8.70% સમય માટે દક્ષિણપશ્ચિમ દિશામાં પૂર્વ પ્રભાવી વાયરા અને ત્યારબાદ કુલ સમયના પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ દિશામાં રૂખ ને ક્લેમ સ્થિતિ નોંધવામાં આવી હતી. હવાની સરેરાશ ઝડપ 3.6 થઈ 5.7 મિ./સેકન્ડ છે.

અભ્યાસ વિસ્તારના 8 સ્ટેશનો પર હવાની ગુણવત્તાનો અભ્યાસ CPCB/MoEF ની માર્ગદર્શિકા અનુસાર એક બિનચોમાસી ઋતુ એટલે કે $PM_{10}$, $PM_{2.5}$, $SO_2$, $NO_x$ અને $C_O$ માટે માર્ચ મે દરમ્યાન કરવામાં આવ્યો હતો. **કોષ્ટક 1**માં ઉપરોક્ત માપદંડના સરેરાશ, લઘુતમ, મહત્તમ અને 98 ટકા ટાઈલ મૂલ્યો દર્શાવવામાં આવ્યા છે.

## કોષ્ટક 1 માં : હવાની ગુણવત્તાનો પરિણામનો સાર

| સ્થળ કોડ | સ્થળ નામ | $PM_{10}$ (µg/m$^3$) | | | | $PM_{2.5}$(µg/m$^3$) | | | | $SO_2$ (µg/m$^3$) | | | | $NO_x$(µg/m$^3$) | | | | CO (mg/m$^3$) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ન્યુન. | મહત્તમ | સરેરાશ | **98 % ટાઈલ** | ન્યુન. | મહત્તમ | સરેરાશ | **98 % ટાઈલ** | ન્યુન. | મહત્તમ | સરેરાશ | **98 % ટાઈલ** | ન્યુન. | મહત્તમ | સરેરાશ | **98 %** ટાઈલ | ન્યુન. | મહત્તમ | સરેરાશ |
| હાલોલ | | | | | | | | | | | | | | | | | | | | |
| A1 | દુનીયા ગામ (બેઝ સ્ટેશન) | 52 | 90 | **74.8** | 90.0 | 22 | 55 | **40.5** | 55 | 7.9 | 14.7 | **10.5** | 13.7 | 14.6 | 22.1 | **18.2** | 21.9 | 1 | 1 | **1.0** |
| A2 | ફતેપુરા ગામ | 35 | 91 | **62.8** | 90.1 | 28 | 52 | **37.4** | 49.2 | 7.4 | 16 | **10.5** | 15.4 | 13.9 | 24.2 | **17.4** | 23.8 | 1 | 1.1 | **1.1** |
| A3 | રાણીપુરા ગામ | 65 | 95 | **82.5** | 94.7 | 25 | 52 | **39.4** | 51.6 | 5.5 | 11.2 | **8.7** | 10.7 | 10.3 | 15.6 | **13** | 15.3 | 1 | 1 | **1.0** |
| A4 | હાલોલ ટાઉન | 52 | 99 | **72.8** | 95.4 | 34.8 | 52 | **40.7** | 49.8 | 8 | 17 | **12.4** | 16.3 | 16.2 | 31.6 | **24.9** | 31 | 1 | 1 | **1.0** |
| સાવલી | | | | | | | | | | | | | | | | | | | | |
| A5 | ઝુમકલ ગામ પાસે(બેઝ સ્ટેશન) | 56 | 92 | **76.7** | 90.6 | 25 | 57 | **41.5** | 55.6 | 7.8 | 16.6 | **11** | 15.2 | 14 | 24.9 | **17.7** | 23.6 | 1 | 1.2 | **1.1** |
| A6 | સોખડા ગામ | 31 | 91 | **52.4** | 87.3 | 15.6 | 54 | **30.2** | 51.2 | 7.4 | 16 | **10.1** | 15.2 | 7 | 13.3 | **9.7** | 13.1 | 1 | 1.1 | **1.0** |
| A7 | ચન્દ્રનગર | 65 | 96 | **83.5** | 95.6 | 25 | 54 | **39.7** | 52.6 | 8.6 | 13.8 | **10.4** | 13.5 | 10.3 | 23.2 | **14.3** | 20.9 | 1 | 1 | **1.0** |
| A8 | ટુંડાવ ગામ | 43.7 | 92 | **70.1** | 89.8 | 25.6 | 52 | **39.9** | 51.5 | 8 | 17.5 | **12.7** | 17.2 | 16 | 35.6 | **25.5** | 34.2 | 1 | 1 | **1.0** |
| ***ઔદ્યોગિક, આવાસીય , ગ્રામીણ અને અન્ય વિસ્તારો માટે એન એ એ ક્યુ ધારાધોરણો*** | | | | ***100*** | | | | ***60*** | | | | ***80*** | | | | ***80*** | | | | ***2.0*** |

*સરેરાશ* *24કલાક*

ચંદ્રનગર (83.5μg/$m^3$) અને રાણીપુરા (82.5 μg/$m^3$) ગામોમાં $PM_{10}$ ની સરેરાશ મહત્મ મૂલ્ય જોવા મળ્યું છે જે સાવલી (ઝુમકલ) અને હાલોલના (દુનિયા) નિર્ધારીત વિસ્તારથી નીચેના દિશમાં છે. $PM_{10}$ નું સરેરાશ લઘુતમ મૂલ્ય સોખડા (52.4 μg/$m^3$) અને ફતેહપુરા (62.8μg/$m^3$) ગામોમાં જોવા મળ્યું છે જે સાવલી (ઝુમકલ) અને હાલોલના (દુનિયા) નિર્ધારીત વિસ્તારોથી પવનની દિશામાં છે.

$PM_{2.5}$નું સરેરાશ મહત્તમ મૂલ્ય ઝૂમકલ ગામ (41.5 μg/$m^3$) અને હાલોલ ટાઉનમાં (40.7 μg/$m^3$) જોવા મળ્યું છે જે કોર અને ત્રાંસા પવનની દિશામાં છે. $PM_{2.5}$ નું સરેરાશ લઘુતમ મૂલ્ય સોખડા (30.2 μg/$m^3$) અને ફતેહપુરા (37.4μg/$m^3$)માં જોવા મળ્યું છે જે સાવલી (ઝુમકલ) અને હાલોલ(દુનીયા)ના નિર્ધારીત વિસ્તારોથી પવનની દિશામાં છે.

તેમ છતાં આ મૂલ્યો ઔદ્યોગિક, રહેણાંક, ગ્રામ્ય અને અન્ય વિસ્તારો માટે CPCB/MoEF દ્વારા નિર્ધારીત રાષ્ટ્રીય માપદંડો અંતર્ગત છે. એજ રીતે $SO_2$, $NO_x$ અને CO ના મહત્તમ અને લઘુતમ મૂલ્યો રાષ્ટ્રીય એમ્બીયન્ટ હવા ગુણવત્તા માપદંડ અનુસાર છે.

અભ્યાસ વિસ્તારમાં આવેલ 8 સ્થળોએ ધ્વનિના સ્તર પર દેખરેખ રાખવામાં આવી હતી જેમાં CPCB/ MoEF ની માર્ગદર્શિકા અનુસાર રહેણાંક અને ઔદ્યોગિક વિસ્તારને આવરી લેવામાં આવ્યા હતા અને સાઉન્ડ પ્રેશર લેવલ મીટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પરિણામોને માપદંડો સાથે સરખાવવામાં આવ્યા હતા. દુનિયા ગામ ખાતે સવારના સમયે ધ્વનીનું સ્તર (બેઝ સ્ટેશન) 48.3 dB(A) છે ને ઝુમકલ ગામ (બેઝ સ્ટેશન) ખાતે તે 64.0 dB(A) (ઔદ્યોગિક) છે અને અન્ય સ્થળોએ તે રહેણાંક માટે 55 dB(A) અનેઔદ્યોગિક માટે 75 dB(A)ની નિર્ધારીત મર્યાદામાં જોવામાં આવ્યું હતું. રાત્રિના સમયે તમામ સ્થળોએ ધ્વનિ સ્તરો નિર્ધારીત મર્યાદા રહેણાંક માટે 45 dB(A) અને ઔદ્યોગિક માટે 70 dB (A) કરતા ઓછા નોંધવામાં આવ્યા હતા.

હાલના સાવલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટથી મહી મુખ્ય નદી 19 કિ.મી. ના અંતરે છે અને સાવલીના નિર્ધારીત વિસ્તાર પશ્ચિમી બાજુ પર આવેલી છે, જે ઉત્તરથી દક્ષિણમાં વહે છે. કરાડ નદી પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે અને એસાઆઈઆરના ઉત્તરે આવેલી છે, જે મહી નદીની ઉપનદી છે. નર્મદા મુખ્ય નહેર સૂચિત હાલોલ નિર્ધારિત વિસ્તારની પશ્ચિમી ધારની નજીકથી પસાર થાય છે. આ પ્રોજેક્ટ સંદર્ભે આ નદીઓ અને કેનાલના ગ્રેબ નમૂનાઓ અપસ્ટ્રીમ અને ડાઉનસ્ટ્રીમથી એકત્રિત કરવામાં આવ્યા હતા અને પ્રમાણભૂત પદ્ધતિઓ અને પ્રક્રિયા પ્રમાણે વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પાંચ ભુગર્ભ જળ નમૂનાઓ ભેગા કરવામાં આવ્યા હતા અને અભ્યાસ વિસ્તાર મહત્ત્વના સ્થળોએ વિશ્લેષણ કરવામાં આવ્યું.

ભૂપૃષ્ઠ જળનું પીએચ મૂલ્ય ન્યુટ્રલથી સહેજ આલ્કલાઇન પ્રકૃતિનો હોવાનું અનુભવવામાં આવ્યો હતો. બંને નદીઓ અને નહેરના અપસ્ટ્રીમ અને ડાઉનસ્ટ્રીમના છેડે અવલોકન કરેલ ડીઝોલ્વ્ડ ઓક્સિજન 3.8 માટે 4.2 મિલિગ્રામ / લીટર છે

અને કેટેગરી સી અને ડી માં પડે છે જે વપરાશ માટે શ્રેષ્ઠ છે જેમ કે સીપીસીબીના વર્ગીકરણ મુજબ જીવાણુ નાશકક્રિયા અને વન્યજીવ પ્રસરણ, માછલીપાલન માટે અનુસરવામાં આવતા પરંપરાગત ટ્રીટમેંટ સાથે પીવાનો પાણી. બન્ને નદીઓમાં બીઓડી 3 થી 4 મિગ્રા/ લિની વચ્ચે છે, જ્યારે નર્મદા મુખ્ય નહેરમાં તે જ્યાં 3 અને 8 મિગ્રા/ લિ અનુક્રમે અપ અને ડાઉનસ્ટ્રીમે છે. અન્ય પેરામીટરો સ્વીકાર્ય હદમાં મળી આવ્યા.

ભૂગર્ભ જળનું પીએચ મૂલ્ય ન્યુટ્રલ હોવાનું અવલોકન કરવામાં આવ્યું હતું અને અન્ય પેરામીટરો ઘરેલૂ કામ માટે સ્વીકાર્ય હદમાં મળી આવ્યા હતા.

હાલોલ અભ્યાસ વિસ્તારની વનસ્પતિમાં એમ્બ્લિકા ઓફિસિનાલિસ (અમલા), ટામારીન્ડુસ ઈન્ડિકા (આમલી), અકેશિયા લેયૂકોફ્લોઇયા (અનીયા), એલાંથુ એક્સેલા (અરાડ્યુ), એલાર્કોડેંડ્રાન ગ્લેકુકન (અસલન), મોરીંડા ટિંકટોરિયા (અલેડી), મેગ્નિફેરા ઈન્ડિકા (અમ્બેડીયો), ડાલબેર્ગિયા સિસો (સિસૂ), ડાલબેર્ગિયા લાટીફોલિયા (સિસમ) વગેરેનો સમાવેશ થાય છે વૃક્ષોમાં, કસકટા રિફ્લેક્સા (અમરવેલ), ડેમિયા એક્સ્ટેંસા (ડોડી ), સેલસટ્રસ પનીકુલાટા (મલકાકણી) વગેરે, વેલો માં, અહાટોડા વૌકા (અડૂસા), ધતૂરો ઈનોક્સીયા (ધતૂરો) , કૈઈયા ટોરા (પુવાડ) વગેરે, ઝાડીઓ અને ઔષધોમાં, શોરઘમ હેલેપેંસે (બારુ),બામ્બુઆ અરંદીનાસિયા નાસિયા (કટાસ આમ્બુ) વગેરે ઘાસ માં થોડા નામ છે.

હાલોલ અભ્યાસ વિસ્તારમાં જૈવસૃષ્ટિ મુનટિક મન્ટજાક (ભસતા શિયાળ), હાયના હાયના (હાયના), ફેલિયસ ચૌસ (જંગલી બિલાડી) વગેરે, જંગલી પ્રાણીઓમાં, ડિક્રુરસ એડમિલીસ, બેસેટેનીન (બ્લેક ડ્રોંગો, રાજા કાગડો), ઓરીયોલસ ઝેંથોર્નસ-લિનાયસ (કાળામાથાનો ઓરિયોલ) વિગેરે, પક્ષીઓમાં સિપ્રિમસ કર્પિઓ (સામાન્ય ક્રેપ), વાલાંગો અટ્ટુ (મીઠા પાણીની શાર્ક), કેટલા (કેટલા) વિગેરે , માચલીઓમાં નાજા નાજા (કોબ્રા), બંગુરસ સીરુલિયસ (સામાન્ય ચીતળો), નેટ્રિક્સ પિસકેટર (કાબરો કાળો), પ્લાયસ મ્યુકોસસ (ઉંદર સાપ) વિગેરેનો સાપના નામમાં સમાવેશ થાય છે.

સાવલી અભ્યાસ વિસ્તારની વનસ્પતિમાં ટેક્ટોના ગ્રાંડીસ (સાગ), ટામારીન્ડુસ ઈન્ડિકા (આમલી), એમ્બ્લિકા ઓફિસિનાલિસ (અમલા) વિગેરે, વૃક્ષોમાં થોડા નામ છે.

સાવલી અભ્યાસ વિસ્તારમાં જૈવસૃષ્ટિ પ્રેસબાયટિસ એંટેલસ ( સ્સામાન્ય લંગુર), રટ્ટુ પ્રજાતિઓ (ઉન્દરો), હર્પ્રેસ્ટીસ એડવર્ડ (મંગૂસ) વિગેરે સસ્તનોમાં નાજા ટ્રીપુડિયંસ (નાગ) એરીક્સ જોની (અન્ડી) વિગેરે, સરિસૃપમાં અન્હિગા રૂફા (સાપ પક્ષી), અના ક્રેસિયા (સામાન્ય ટીલ), ગ્રુસ એંટલિગોન (ક્રેન) વગેરે પક્ષીઓ થોડા નામ છે.

અભ્યાસમાં પણ એ સ્પષ્ટ છે હાલોલ ટાઉનની પાસે અને પાવાગઢ વિસ્તારમાં જંગલના કારણે ઈકોલોજીકલ પાસાઓ સમૃદ્ધ છે. આ અભ્યાસ વિસ્તાર કોઈ નાશપ્રાય વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની પ્રજાતિઓ નથી.

## 4. અપેક્ષિત પ્રભાવ આકલન અને રોકથામ પગલાં

### અસરો

આ એસઆઈઆરને તેનાં સંપૂર્ણ સંભવિત વિકાસ માટે લાંબો સમય લાગશે અને તે તબક્કાઓમાં હશે. તે ગૌણ સહિત એકમોના આગળ અને પાછળના સંકલનનો સમાવેશ કરે છે. કેમ કે વિકાસ એક લાંબા સમયગાળામાં વિસ્તરિત થાય છે, બાંધકામ દરમિયાન પર્યાવરણ પરનો પ્રભાવનો સ્વભાવ સીમાંત રહેશે. જો કે, ઊડતી રજકણ, નિર્માણ સામગ્રીઓના પરિવહન, વાહનવ્યવહારની હિલચાલો વગેરેને કારણે આ અસરો હવા પર અને ડોઝર્સ, સ્ક્રેપર્સ, કોંક્રિટ મિક્ષર્સ, જનરેટર્સ, વાઈબ્રેટર્સ અને પાવર ટુલ્સ વગેરેના સંચાલનના કારણે અવાજ પર જોવા મળશે.

બાંધકામ દરમિયાન નિર્માણ અને નિર્માણ કેમ્પ્સમાંથી નીકળતા વિસર્જનમાં મુખ્યરૂપે સ્થગિત અશુદ્ધિઓ ધરાવવાના કારણે પાણીની ગુણવત્તા પર પ્રભાવ પડી શકે છે.

નિર્માણ કાર્ય દરમિયાન ભૂચર પરિસ્થિતિવિજ્ઞાન પરનો પ્રભાવ ઔધોગિક ઝોન્સ ખાતે રસ્તાઓ, નિકાસી અને અન્ય માળખાગત સુવિધાઓના નિર્માણની સુવિધા ઊભી કરવા માટે જમીનના ખોદકામ, સ્તરીકરણ અને સ્થળ પરના નાના છોડના કાપવાના કારણે થઈ શકે છે.

વિકાસના તબક્કા દરમિયાન વસ્તી, સામાજિક અર્થવ્યવસ્થા અને સાંસ્કૃતિક અસરો સીમાંત રહેશે. વિકાસ પ્રવૃત્તિઓના લીધે સ્થાનિક અર્થવયવસ્થાઓમાં સુધારો આવશે.

કામગીરીઓ દરમિયાન ત્યાં બોઈલર્સ ભઠ્ઠીઓ, ડીજી સેટ્સ વગેરે પર ઈંધણના જ્વલનના કારણે પ્રદુષકોનો સ્ત્રાવ થશે. એવું અનુમાન કરવામાં આવે છે કે નવાં ઉદ્યોગો સ્ટેટ-ઑફ-આર્ટ ટેક્નોલોજીસ ધરાવતાં હશે અને ઉત્સર્જન નિયમોની અંદર રહીને થતું હશે. એવો અંદાજ છે કે ઔદ્યોગિક ક્લસ્ટર-પાર્કમાં મોટા પાયાના એકમો એક ભઠ્ઠી ધરાવતાં હશે અને લઘુ એકમો વિદ્યુત ભઠ્ઠી ધરાવતાં હશે. PM, $SO_2$ અને $NO_x$ ના કુલ ઉત્સર્જન ભાર આ વિસ્તારની આત્મીકરણકારી ક્ષમતા કરતાં વધી જવાની શક્યતા ધરાવે છે. ગૃહિતપણે એવું માની લેવામાં આવ્યું છે કે ઉત્સર્જનોનો સ્ત્રાવ 40 મી.ની ઉંચાઈના સ્ટેક્સ મારફતે કરવામાં આવશે અને આવાં સ્ટેક્સની અસર ૧ કિમીના વિસ્તારથી વધુ આગળ જશે નહી. સાવલી અને હાલોલ એસ્ટેટ બન્નેના ઉત્સર્જનો નિમ્ન રહેવાની શક્યતા છે કેમ કે માત્ર ઑટોમોબાઇલ એંજિનિયરિંગ અને એંજિનિયરિંગ આધારિત ઉદ્યોગોનું જ આયોજન કરવામાં આવ્યું છે અને તે વિકાસના કેન્દ્રસ્થાને છે.

ઑટોમોબાઇલ અને એંજિનિયરિંગ ઉદ્યોગોમાં, ડિઝલ જનરેટર્સ સેટ્સના ચાલવા સિવાય વધારાનો કોઈ અવાજ થતો નથી. અવાજ વધારતાં સ્ત્રોતોમાં એક્ષહૌસ્ટ પંખા, કમ્પ્રેશર્સ, વગેરે હશે. કામગીરી દરમિયાન, એકમના પરિસરની અંદર અવાજનું મહત્તમ સ્તર લગભગ 70 dB(A) સુધીનું અપેક્ષિત છે.

પ્રવર્તમાન પાણીના પુરવઠાનું આંતરમાળખું સાવલી સાઈટ માટે પર્યાપ્ત છે. ઔદ્યોગિક જરૂરિયાતો માટે પાણીના સ્ત્રોત તરીકે મહી નદીનો ઉપયોગ કરાશે. વધારાની જરૂરિયાતો માટે પાણીનું વર્ધન નર્મદા નહેરમાંથી કરવામાં આવશે. માતે

ઑરેંજ અને ગ્રીન ઉદ્યોગોની સ્થાપના જ સૂચિત સાવલી અને હાલોલ ઔદ્યોગિક એસ્ટેટ્સમાં કરવામાં આવશે. એના પરિણામ રૂપે, મોટા ભાગના એકમો નાની માત્રામાં પ્રવાહી ઉત્સર્જનો પેદા કરશે. જો કે, જે પેદા કરતાં હશે તેઓએ સ્ત્રાવના નિકાલ માટેના નિયમનકારી ધોરણોને અનુસરવા પોતાના ઈટીપીની સ્થાપના કરવાની રહેશે. કેમ કે ઉત્સર્જકો નિકાલ માટેના સીપીસીબી દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલાં નિકાલ ધોરણોનું અનુસરણ કરતાં હશે, સપાટી પરના પાણીની ગુણવત્તા પર કોઈ અસરની ધારણા કરવામાં આવતી નથી.

સૂચિત પરિયોજનાની કામગીરીના કારણે ભૂમિ પરની પર્યાવરણવ્યવસ્થા પરની અસર મુખ્યત્વે હવામાં છોડવામાં આવતાં પ્રદુષકોમાંથી ઉદભવશે. સૂચિત પરિયોજનામાંથી નિકળતાં ગેસના ઉત્સર્જન મુખ્ય પ્રદુષકો હશે. આ ગેસના પ્રદુષકો પર્યાવરણવ્યવસ્થાના જૈવિક અન અજૈવિક ઘટકો પર વ્યક્તિગત તેમજ એકમેકના કારણે થતાં પ્રભાવો ઊભાં કરશે. જ્યારે આ પ્રદુષકોની સાંદ્રતા તેની પ્રવેશ મર્યાદા કરતાં વધી જાય ત્યારે છોડવાઓ અને પ્રાણીઓ પર દીર્ઘકાલિન અને તીવ્ર અસરો છોડી જઈ શકે છે.

“પાણીની ગુણવત્તા પરના પ્રભાવ” માં કરવામાં આવેલી ચર્ચા મુજબ, સૂચિત ઔદ્યોગિક ઝોનના કારણે પાણીની ગુણવત્તા પર કોઈ મૂર્ત અસરો જાણી શકાઈ નથી કેમ કે સારવાર કરવામાં આવેલાં ઉત્સર્જનો એસપીસીબી/સીપીસીબીના ધોરણોને અનુસરશે અને મુખ્યત્વે તેને રિસાઈકલ અને પુન:વપરાશ કરવામાં આવ્યાં હશે. આગળ, બોન પ્રદુષિત ઉદ્યોગો, સેવાકીય ઉદ્યોગો અને સહાયકારી પાર્કનું આયોજન કરવામાં આવ્યું છે જે સૂચિત ઔદ્યોગિક ઝોનનો 1/3 ધરાવતાં હશે. આ ગ્રીન શ્રેણીમાં આવે છે અને પ્રવાહી ઉત્સર્જનો પેદા નહીં કરે. આ રીતે જલીય પર્યાવરણતંત્ર પર કોઈ અસર અપેક્ષિત નથી.

સૂચિત પરિયોજનાની કામગીરીમાં નોંધપાત્ર સંખ્યામાં કુશળતા પ્રાપ્ત અને અર્ધ-કુશળ કાર્યબળની જરૂર પડશે. વધુમાં, એક ગણનાપાત્ર સેવા વર્ગના લોકો કે જેઓ સીધાં જ પરિયોજનાની કામગીરી કરતાં કર્મચારીઓ સાથે જોડાયેલાં હશે, જેમ કે ઘર નોકરો, દુકાનદારો વગેરેનો પ્રવાહ પણ આસપાસના વિસ્તારોમાંથી આવવા લાગશે.

બન્ને સાઈટ્સ પર, ઉદ્યોગો પહેલાં જ કાર્યરત છે અને હાલોલ, મંજુસર અને સાવલી શહેરોનો આંશિક સામાજિક આર્થિક વિકાસ નજરે પડે છે. હાલોલ અને સાવલી ખાતેના આ સૂચિત એસ્ટેટ્સની કામગીરી વડોદરા જેવાં વ્યાવસાયિક કેન્દ્રોના વિકાસમાં પરિણમશે જે સાવલી સાઈટથી 15 કિમી અને હાલોલ સાઈટથી 35 કિમીના અંતરે છે.

**ઉપશમન**

સૂકાં હવામાનની પરિસ્થિતિ દરમિયાન, પાણીના છંટકાવ દ્વારા રજકણોના શમનની કામગીરી હાથ ધરવામાં આવશે. નિર્માણ સામગ્રીઓના પરિવહનની કામગીરી બંધ/તાડપત્રીથી ઢંકાયેલા વાહનોમાં જ કરવામાં દેવામાં આવશે. “માન્ય પ્રકાર” અને “ઉત્પાદનની સંવાદિતા” થી પ્રમાણિત ડીજી સેટ્સને, સીપીસીબી/એમઓઈએફ દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવ્યાં છે તે મુજબ, કામગીરી માટે માન્યતા આપવામાં આવશે. અવાજ ધરાવતાં કાર્ય વિસ્તારોમાં કાર્યરત કર્મચારીઓને ઈઅર મફ્સ/પીપીઈ આપવામાં આવશે.

સૂચિત ઉદ્યોગોના વિવિધ એકમોમાંથી પેદા થતાં ગટર વ્યવસ્થા સહિતના તમામ ઉત્સર્જનોને એકમોની અંદર સુસજ્જ નિકાસીઓ મારફત ઈટીપી/એસટીપી તરફ વાળવામાં આવશે. સારવાર પ્રાપ્ત ઉત્સર્જનોને ફરી ઉપયોગમાં લેવાશે અને તેને

તેમના જ એકમોની અંદર શૂન્ય નિકાલની પ્રાપ્તિ અર્થે રિસાઈકલ કરવામાં આવશે જે એંજિનિયરિંગ એકમો હોવાના લીધે શક્ય બને છે. જો કે, સારવાર કરવામાં આવેલાં ઉત્સર્જનો જીપીસીબી દ્વારા નિર્દિષ્ટ લાગુ કરવામાં આવેલા ધોરણોને સંમત આદેશો અંતર્ગત અનુસરશે. વધુમાં, ઘર આંગણાનો પેદા થયેલા કચરા પર એસટીપી માં જીપીસીબી દ્વારા લાગુ કરવામાં આવેલા ધોરણો મુજબ પ્રક્રિયા કરવામાં આવશે.

સૂચિત પ્રત્યેક ઑટોમોબાઈલ અને એંજિનિયરિંગ એકમોના સભ્યો દ્વારા ઉપયોગમાં લેવાયેલ તેલ એકત્રિત કરવામાં આવશે, તેનો સંગ્રહ કરાશે અને નોંધાયેલા અધિકૃત રિસાઈકલર્સને ત્યાં જીપીસીબી/સીપીસીબી મુજબ નિકાલ કરવામાં આવશે. નિષ્કાષિત તેલને માન્ય ટીએસડીએફ ને ત્યાં નિકાલ માટે મોકલી આપવામાં આવશે. અન્ય જોખમી કચરો પણ, જો કોઈ હોય તો, મેસર્સ નંદેસરી પર્યાવરણ નિયંત્રણ લીમિટેડ, વડોદરા ખાતેના ટીએસડીએફને અને મેસર્સ ભરૂચ એંવાયરો ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ, અંકલેશ્વર ખાતેના ટીએસડીએફને ત્યાં મોકલી આપવામાં આવશે. પરંપરાગત ઘન કચરાને ઔદ્યોગિક ઝોનની અંદર વિકસિત કરવામાં આવનાર ઘન કચરાના નિકાલના સ્થળે જ નિકાલ કરી દેવામાં આવશે.

**પર્યાપ્ત પ્રદુષણ નિયંત્રણ ઉપકરણો સાથેના ઉચિત પ્રક્રિયા તકનીકો ધરાવતાં એકમોને ઔદ્યોગિક ઝોનની અંદર કામગીરી કરવાની માન્યતા આપવામાં આવશે જેથી કાનૂની નિયમનોનું અનુસરણ થઈ શકે.**

## 5. વિકલ્પોનું વિશ્લેષણ (તકનીક અને સ્થળ)

સૂચિત એસઆઈઆર નિમ્ન પાકની તીવ્રતા, છૂટી છવાઈ વસતી ધરાવે છે, જંગલ વિસ્તારમાં અને નર્મદા નહેરના પ્રભુત્વ વિસ્તારમાંઆવતું નથી અને સમર્પિત માલવાહક અને દિલ્લી મુંબઈ ઔદ્યોગિક કૉરિડોરના ખૂબ જ સારા માર્ગ અને રેલ જોડાણના નેટવર્કના પ્રભાવક વિસ્તારમાં પણ પડે છે જે તેને એસઆઈઆર નોડમાં સૂચિત વિકાસ માટેના વિસ્તાર તરીકે તેની પસંદગી કરવાના કેટલાક મુખ્ય કારણો છે. અને પાઈપ દ્વારા આપવામાં આવતો કુદરતી ગેસ (પીએનજી) મોટા પ્રમાણમાં ગ્રાહકોને ગેસના પૂરવઠો પૂરો પાડવા માટે બહુવિધ ટેપિંગ પોઈંટ્સ સાથે આ સૂચિત એસઆઈઆરમાંથી પસાર થાય છે.

## 6. પર્યાવરણીય સંચાલન કાર્યક્રમ

વ્યક્તિગત એકમો દ્વારા કામગીરીની કાર્યક્ષમતાની પહોંચ માટે, વૈધાનિક પરિસ્થિતિઓના સમાયોજન માટે અને પરિયોજના વિસ્તારની અંદર તેમજ આસપાસ એસપીસીબી દ્વારા સંમતિસૂચક આદેશોમાં નિર્દિષ્ટ કરવામાં આવ્યાં મુજબ તેમજ આરડીએ દ્વારા જારી કરવામાં આવેલી મંજૂરી પ્રમાણે નિયમિત ધોરણે પર્યાવરણીય સંચાલન હાથ ધરવામાં આવશે.

## 7. અતિરિક્ત અભ્યાસો

ઔદ્યોગિક ક્ષેત્ર માટે રેખાચિત્ર દ્વારા વર્ણન કરવામાં આવેલો વિસ્તાર 53000 હજાર કરતાં થોડા વધુ લોકોની 26 ગામોમાં ફેલાયેલી ગ્રામ્ય વસ્તી ધરાવે છે. વસ્તીનો આર્થિક આધાર વર્ષમાં માત્ર એક જ વખત કૃષિ ઉત્પાદન લેતાં હોવા છતાં મુખ્યત્વે ખેતીવાડી છે. હાલોલ-સાવલી ઔદ્યોગિક એસ્ટેટ્સમાં ઔદ્યોગિકરણની શરૂઆત સાથે, વધુને વધુ માનવબળનો

ઉપયોગ કુશળ તેમજ અર્ધ-કુશળ કામદારો તરીકે ઉત્પાદન એકમોમાં થઈ રહ્યો છે અને એ રીતે તેમના આવકના સ્તરને સુધારવામાં આવી રહ્યું છે તેમજ વિસ્તારના સમગ્રત: વિકાસનો માર્ગ તૈયાર થઈ રહ્યો છે.

## 8. પરિયોજનો લાભ

આ એસઆઈઆરના વિકાસના પરિણામે આ વિસ્તારમાં ભૌતિક આંતરમાળખાગત સુવિધાઓમાં વધારો થશે, પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રોજગાર સંભાવનાઓમાં સુધારો થશે.

કેમ કે સૂચિત પરિયોજના ડીએફસી અને ડીએમઆઈસીના પ્રભાવક વિસ્તારમાં પડે છે તે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારોને આપવા માટે ઘણાં લાભ પ્રસ્તાવ ધરાવે છે. કેમ કે તેનો વિકાસ વિશ્વ કક્ષાના આંતરમાળખાકીય સુવિધાઓ સાથેના વૈશ્વિક હબ તરીકે કરવામાં આવી રહ્યો છે, તે દેશમાં અન્ય વિસ્તારોને સમાન પ્રકારના વિકાસકાર્યો હાથ ધરવાના નિદર્શન પુરા પાડશે. તે વિસ્તારના વિવિધ ક્ષેત્રોમાં વિદેશોના સીધાં રોકાણોને આકર્ષશે. તે ભારતને ઉચ્ચ પ્રગતિના પથ પર લઈ જવા માટે આર્થિક પ્રગતિનું એંજિન બની રહેશે.

એટલે, સંક્ષિપ્તમાં, એમ કહી શકાય કે એ આર્થિક પ્રગતિ, સામાજિક સમાવેશન અને વિસ્તાર તેમજ રાષ્ટ્રની પર્યાવરણીય સાતત્યતા ઉપલબ્ધ કરાવશે.

## 9. પર્યાવરણીય વ્યવસ્થાપન યોજના

આ એસઆઈઆરમાં એક ખૂબ જ ખડતલ વ્યવસ્થાપન પ્રણાલી સ્થાનબદ્ધ કરવામાં આવી છે. જીઆઈડીબી એક ટોચનું સત્તામંડળ છે જેના અધ્યક્ષપદે ખુદ મુખ્યમંત્રી બિરાજે છે, જ્યારે સંલગ્ન મંત્રાલયોના મંત્રીઓ અને સચિવો અને વિષય નિષ્ણાતો આ સત્તામંડળના સભ્યો હોવાની સાથે રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી ઉપાધ્યક્ષ પદ શોભાવે છે. આ બોર્ડને કાર્યકારી સમિતિનો આધાર પૂરો પડે છે જેના અધ્યક્ષપદે રાજ્ય કક્ષાના ઉદ્યોગમંત્રી છે. સીઈઓ કાર્યકારી સમિતિના સહાયક છે. હાલોલ-સાવલી ક્ષેત્રિય વિકાસ સત્તામંડળની રચના કરવામાં આવી છે  જે આ એસઆઇઆર માટે નિયમન સત્તામંડળ છે, જે કાર્યનીતિઓ અને નિયમનો પર ટોચની સત્તા પાસેથી સૂચનાઓ પ્રાપ્ત કરે છે. એક નૉડલ કંપની ગુજરાત ઈંફ્રાસ્ટ્રકચર કંસ્ટ્રક્શન કંપની (જીઆઈસીસી) છે જે એસઆઇઆર માટે માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવે છે.

આરડીએ દ્વારા ગુજરાત ડેવલપમેંટ કંટ્રોલ રેગ્યુલેશન્સ (જીડીસીઆર)ની રચના કરવામાં આવી છે જેણે આ એસઆઇઆર માટે કડક ધોરણોની રચના ઔદ્યોગિક ઝોનના વિકાસની જરૂરિયાતો, ઔદ્યોગિક ઝોન સિવાય, બફર ઝોનમાં ગામતળની કુદરતી પ્રગતિ માટે, આવાસીય ટાઉનશીપ માટે, વિશિષ્ટ માળખાઓ માટે, સર્વસમાન્ય ઈમારતો માટે, પાર્કિંગ માટે, નિમ્ન મૂલ્યના આવાસો/ઝુંપડપટ્ટી વિસ્તારનાપુનર્વિકાસ માટે, ફાયર સેફ્ટી માટે, ઉપયોગિતા અને આંતરમાળખા વગેરે માટે માટે કરી છે.

આ નિયમનોનું પાલન વૈધાનિક પર્યાવરણીય નિયમો સાથે એચએસએસઆઈઆરમાં એક વ્યક્તિગત સૂચિત એકમની પર્યાવરણીય વ્યવસ્થાપન યોજનાની રચના કરશે. વિકાસ નિયમનોનું સંચાલન આરડીએ દ્વારા કરવામાં આવશે જ્યારે વૈધાનિક પર્યાવરનીય નિયમનોનું સંચાલન એસપીસીબી/સીપીસીબી/એમઓઈએફ દ્વારા કરવામાં આવશે. એ નોંધવું

મહત્વનું હોઈ શકે છે કે આ એક ત્રિ-સ્તરીય સંચાલન અને વ્યવસ્થાપન યોજના છે એટલે કે, સ્વ-સંચાલિત અને તેમના પર્યાવરણીય સેલ્સ સાથે વ્યક્તિગત એકમો દ્વારા નિયંત્રિત, વિકાસ નિયમનો આરડીએ દ્વારા અને પર્યાવરણીય નિયમનો એસપીસીબી/સીપીસીબી દ્વારા નિયંત્રિત કરવામાં આવશે.